## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઈ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઈ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઈમેઈલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઈ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

■ વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.

■ તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઈન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.

■ તમારી તસવીરની ઈમેજ સાઈઝ ૮’’ x ૧૨’’ હાઈ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઈલ સાઈઝ 10MB થી વધુ હોવી જોઈએ નહીં.

■ તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



**‘ફાધર્સ ડે’ નિમિત્તે ‘સન્નારી’** ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર સુરતના વિરેન કિશોરસિંહ મહીડા તથા એમની દીકરીઓ **વિયાંશી** અને **માઈશા**ની છે. વિરેનભાઈ બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા જાણીતા આર્કિટેક્ટ છે તથા તેમણે લંડનથી માસ્ટર ઓફ આર્કિટેક્ટની ડિગ્રી હાંસલ કરેલ છે. તેઓ દ.ગુ .યુનિવસિટીમાં પણ સેનેટ મેમ્બર તથા સિન્ડિકેટ મેમ્બર તરીકે સેવા આપી ચૂકયા છે. વિયાંશી પહેલા ધોરણમાં અભ્યાસ કરે છે. તેમના પરિવારને ટ્રાવેલિંગ, એડવેંચર, આર્ટસ અને સ્પોર્ટ્સમાં રુચિ છે.



# પ્રિય સન્નારી



**કેમ છો? મજામાં ને?**

આવતી કાલે ૨૧મી જૂને ‘ફાધર્સ ડે’ છે. તમે બધાંએ પણ પોતાના પિતાનો આ સ્પેશ્યલ ડે ઉજવવા માટે ઘણા પ્લાન્સ બનાવ્યા હશે ખરું ને? બાળકોના પિતા સાથેના સંબંધમાં અને પિતાની ભૂમિકામાં પેઢી દર પેઢી ઘણું પરિવર્તન આવ્યું છે. પહેલાંના જમાનામાં પિતા હંમેશાં પરિવારમાં ‘બ્રેડ વીનર’ની ભૂમિકામાં જ રહેતા હતા. બાળકોમાં તેમનો એક ડર, એક ધાક રહેતો. પ્રેમ હોવા છતાં તે હંમેશાં અવ્યક્ત જ રહેતા અને તેની જગ્યા હંમેશાં આદર અને મર્યાદા લઈ લેતાં.

ધીમે ધીમે આ પરિસ્થિતિ બદલાતી ગઈ અને પિતા અને તેનાં બાળકો વચ્ચેનું અંતર થોડું ઓછું થયું છે. છતાં હજી પરિવર્તનને ઘણો અવકાશ છે. વર્ષોથી એવું જ માનવામાં આવ્યું છે કે અમુક કામ તો સ્ત્રી જ એટલે કે એક માતા જ કરી શકે. જેમ કે, બાળકના ડાયપર બદલવાનાં હોય, તેને સ્નાન કરાવવાનું હોય, તેની સંભાળ રાખવાની, તેને ભોજન કરાવવું, તેને હોમવર્ક કરાવવાનું વગેરે... એ વાત સાચી છે કે બાળકને જન્મ આપવા માટે સ્ત્રીની જ જરૂર પડે છે પરંતુ તે સિવાયનાં કાર્યો માટે કે પછી બાળકનો ઉછેર કરવાનું કામ ફક્ત સ્ત્રી જ કરી શકે તો એવું સમજવું ભૂલભરેલું છે. એક પિતા પણ બાળઉછેરમાં માતાનો સહભાગી બની શકે છે અને અમુક કિસ્સાઓમાં તો પિતા આમાંની મોટાભાગની જવાબદારીઓ નિભાવે છે. આજે મોટાભાગનાં કુટુંબો ન્યુક્લિયર થઈ ગયાં છે. આવી પરિસ્થિતિમાં બાળજન્મ વખતે સ્ત્રીને પતિના સાથની જરૂર પડે છે.




કેટલાક પિતા આ સમયે પેટર્નીટી લીવ પણ લે છે જેથી બાળઉછેરમાં તે માતાની મદદ કરી શકે. તો વળી, જોઈન્ટ ફેમિલીમાં જો કયારેક એક પિતા બાળકને સાચવવાના કે તેના ડાયપર ચેન્જ કરવાના કામ કરે તો તેઓ ટીકાનો ભોગ બને છે. આપણો સમાજ પુરુષો આ કામ કરે તેનો સ્વીકાર કરતો જ નથી. સમાજમાં જે માળખાગત ત્રુટિ રહી ગઈ છે તેમાં થોડું ઘણું પરિવર્તન તો આવ્યું છે પરંતુ હજી પણ ઘણું પરિવર્તન લાવવાની જરૂર છે. આપણે સમજવું જોઈએ કે જયારે એક પિતા બાળઉછેરનું કાર્ય કરે તો તેમાં કશું ખોટું નથી, તેમાં કોઈ નાનમ નથી. એક માતાની જેમ તે પણ પોતાના બાળકની કાળજી રાખી શકે છે, તેને સ્નાન કરાવી શકે છે, તેને હોમવર્ક કરાવી શકે છે. આને પણ એટલી જ સહજતાથી લેવું જોઈએ જેમ એક માતા પોતાના બાળકની કાળજી રાખતી હોય.

બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે માતા અને પિતા બંનેની જરૂર હોય છે. જેટલી માતાની જરૂર હોય છે તેટલી જ પિતાની પણ જરૂર હોય છે. રીસર્ચ કહે છે કે બાળકના શરૂઆતનાં છ વર્ષ તેના મગજના વિકાસનો પાયો નાખે છે. આ સમયમાં તેમની ભાષા, સામાજિક વર્તન અને ભાવનાત્મકતા વિક્સે છે. જે બાળકોના પિતા બાળઉછેરમાં સક્રિય હોય તે બાળકોનું શૈક્ષણિક પ્રદર્શન સારું હોય છે અને તેઓ ભાવનાત્મક રીતે મજબૂત બને છે. જયારે એક પિતા બાળક માટે ભાવનાત્મક રીતે ઉપલબ્ધ હોય, સહાયક હોય ત્યારે બાળક માનસિક રીતે સુખાકારીનો અનુભવ કરે છે અને તેમનો સકારાત્મક અભિગમ કેળવાય છે. બાળકના શારીરિક- માનસિક વિકાસની સફરમાં જો પિતાનો સાથ હોય તો તેનામાં જોખમ લેવાનો આત્મવિશ્વાસ અને સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતા કેળવાય છે.

આજે આપણે ઘણાં ઘરોમાં જોઈએ છીએ કે પિતા બાળકો સાથે રમતા હોય છે, તેમની સાથે ફરવા જાય છે, પિતા બાળકોની શાળાએ પેરેન્ટ્સ મીટિંગમાં પણ જાય છે. આમ, આપણા સમાજમાં પિતા બાળકોના ઉછેરમાં સંપૂર્ણ નહિ તો થોડો ઘણો પણ ભાગ ભજવી રહ્યા છે અને તેનું પરિણામ બાળકોના વ્યક્તિત્વમાં પણ દેખાઈ આવે છે. બાળક નાનું હોય ત્યારે તેની સંભાળ લેવામાં મદદ કરવી, થોડું મોટું થાય ત્યારે તેની સાથે રમવું, ક્યારેક તેમને રાત્રે સૂતા પહેલાં વાર્તા કરવી, ક્યારેક તેમની પાસે બેસીને તેમની વાતો સાંભળવી આ બધું બાળઉછેરનો હિસ્સો છે. ક્યારેક માતા બાળકને વધુ લાડ, પંપાળ કરે છે જ્યારે પિતા જ્યાં જરૂર હોય ત્યાં કડક થઈ સંતાનને ડીસિપ્લીન કરે છે. પિતાનો સાથ બાળકમાં આત્મવિશ્વાસ પ્રેરે છે કે ભલે દુનિયા તેનાથી મોં ફેરવી લે પરંતુ તેની પડખે તેના પિતા છે. આમ, આ વિશ્વાસ તેને મુશ્કેલીઓ સામે લડવા સક્ષમ બનાવે છે. બાળક રમતાં રમતાં પડી જાય ત્યારે માતા વ્હાલથી પંપાળે છે જયારે પિતા ઠપકો આપીને તેને ઊભા થવા કહે છે. આમ, પિતા બાળકને વાસ્તવિક જગત માટે તૈયાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

જયારે પિતા બાળઉછેરમાં સક્રિય ભાગ ભજવે છે ત્યારે તેઓ પોતે બાળકો સામે એક દૃષ્ટાંત પૂરું પાડે છે કે બાળઉછેર એ ફક્ત માતાનું કાર્ય નથી. તેનાથી બાળક લિંગભેદ છોડી સ્ત્રી અને પુરુષ બંનેનો આદર કરતા શીખે છે, બંનેના કામનું મૂલ્ય સમજે છે. આમ, બાળકના વિકાસમાં પોતાની ભૂમિકા સક્રિય કરીને એક પિતા ફક્ત વ્યક્તિગત વિકાસ નથી કરતા પરંતુ, સામાજિક મૂલ્યોનો પણ વિકાસ કરે છે. તો શું વિચારો છો મોડર્ન ફાધર્સ? બાળઉછેરમાં તમારી પણ મહત્ત્વની ભૂમિકા હોવી જોઈએ ને? બાળકો સાથે તેમના બાળપણમાં જોડાઈ જાઓ અને સ્વસ્થ સમાજનું ઘડતર કરો. અને હા, હેપ્પી ફાધર્સ ડે! ચાલો આવજો. ફરી મળીશું આવતા સપ્તાહે.

**- સંપાદક**

